## સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

આદ્યસ્થાપક : ગુરુદેવ પ.પૂ.બાપજી | પ્રેરક : ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી

# મહિમા વર્ષ

૨૦૨૧-૨૨

ઉપક્રમે

## સપ્ટેમ્બર

# દાસત્વભાવ માસ

## Family Time સભા - 1

## કાર્યક્રમ મટીરીયલ

## ❖ દાસભાવ એટલે શું ?

'ભગવાનને આધીન રહી એમની આજ્ઞા ને રુચિમાં રહીને રાંકભાવે વર્તીએ એ જ દાસભાવ.'

નાનામાં નાના હરિભક્તની આગળ પોતાના અસ્તિત્વનો પ્રલય કરી વર્તવું તેને કહેવાય દાસભાવ.

દાસભાવ એટલે સર્વેને અધિક માનવા જ્યારે પોતાને ન્યૂન માનવા.

## ❖ મહારાજ અને મોટાના અભિપ્રાય :

- "જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું."
  - ગઢડા મધ્યનું ૨૮મું વચનામૃત

- "જેને દાસભાવે કરીને ભક્તિનું અંગ છે તેને પણ પોતાના જે ઈષ્ટદેવ છે, તેનું જ દર્શન ગમે, અને તેની જ વાર્તા સાંભળવી ગમે, ને પોતાના ઈષ્ટદેવનો જ સ્વભાવ ગમે, અને તેની જ પાસે રહેવું ગમે, એવો પ્રીતિવાન હોય તોપણ પોતાના ઈષ્ટદેવની સેવા સારું ને રાજીપા સારું રાત-દિવસ એમ ઇચ્છ્યા કરે જે મુને મારા ઇષ્ટદેવ કાંઈક આજ્ઞા કરે તો હું અતિશે હર્ષે કરીને કરું પછી પોતાના ઇષ્ટદેવ છે, તે આજ્ઞા કરે તો છેટે જાઈને રહે તો પણ રાજી થકો જ રહે પણ કોઈ રીતે અંતઃકરણમાં ખેદ પામે નહિ, અને આજ્ઞાને વિષે જ પરમ આનંદ માને એ દાસત્વભક્તિની ઉત્તમ દશા છે. એવા દાસત્વભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી છે અને બીજા મુક્તાનંદ સ્વામી છે."
  - ગઢડા મધ્યનું ૬૨મું વચનામૃત

❖ Family Time સભા ક્યારે અને કેવી રીતે કરવી ?

ઘરના સૌ સભ્યો ભેગા થઈ શકે તે મુજબ ગુરુવારના દિવસે Family Time સભાનું આયોજન કરવું અને Family Time સભા માટે સમય નક્કી કરવો અને તે મુજબ સભા કરવી.

નોંધ :- જે સેન્ટરમાં અઠવાડિક સભા ગુરુવારના રોજ થતી હોય તેવા સેન્ટરના હરિભક્તોએ શુક્રવારે Family Time સભાનું આયોજન કરવું.

- નાનાએ વડીલોને ચરણસ્પર્શ કરી તથા વડીલોએ નાનાને બે હાથ જોડી નમસ્કાર કરી સભામાં બેસવું.
- “ઘર એક મંદિર” હોવાથી ઘરમાં અનુકૂળ સ્થળે સભા કરી શકાય.
- સભાને અંતે સૌએ એકબીજાને હાથ જોડી અરસપરસ ‘દયાળુ રાજી રહેજો’ એવી સાચા ભાવે પ્રાર્થના કરવી.
- મહિલા-પુરુષ સભ્યોએ મર્યાદા રાખીને બેસવું.

: વર્ષ :
૨૦૨૨

: માસ :
સપ્ટેમ્બર

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

# મહિમા વર્ષ

ઉપક્રમે

## દાસત્વભાવ માસ

આ માસમાં અમલમાં મૂકવાના PLના મુદ્દા

મંદિરમાં કે ઘરમાં નીચી ટેલની સેવા કરવી.
(ચરણરજ, પોતું કરવું, બાથરૂમ સાફ કરવા વગેરે)

સૌની આગળ હાથ જોડી, ભલે દયાળુ કહીને સરળ સ્વભાવે વર્તવું.


# દાસ થાવું રે, સૌના દાસ થાવું...

**(રાગ : ગિરધારી રે સખી, ગિરધારી...)**

દાસ થાવું રે, સૌના દાસ થાવું;
શ્રીજીને રીઝવવા કાજે(૨), દાસના દાસ થાવું...૦ટેક
મહિમા સમજવાથી, સૌના દાસ તો થવાય;
મહારાજના સૌ મુક્તો સમજ્યે(૨), ગુણ તો ગવાય...૦૧
નાના થયા વિના કદી, મોટાઈ ન મળે;
સૌ મોટા હું ન્યૂન સમજે(૨), કામ તો સરે...૦૨
સેવા સૌની કરે રાખો, નીચી ટેલ તણી;
મળે જ ક્યાંથી સેવા મુને(૨), કૃપા થઈ ઘણી...૦૩
નિર્માની થઈ રાજી કરવા, સત્સંગમાં આવ્યો છું;
તપાસવું કે બે ગુણ મળતા(૨), 'હું'કારમાં ફરું છું...૦૪
રાજીપાની ભૂખ જગાવો, સહન સૌનું થાશે;
દાસાનુદાસ થઈ સત્સંગમાં(૨), સુખ બહુ પમાશે...૦૫
મનનું ગમતું મૂકી, સાવ સરળ બનો;
પાણીમાં ધ્રો નમી જાય(૨), તેમ સૌને ગમો...૦૬
અભાવ, અવગુણ, અમહિમાથી, દાસત્વ તો જાય;
ગુણ સૌના લેતાં લેતાં(૨), હર્યાભર્યા થવાય...૦૭
દુભાય કોઈ વાણી-વર્તને, એ તો અભિમાન;
ગર્વગંજન સીધા કરે(૨), શ્રીહરિ ભગવાન...૦૮
નાના મોટા સૌની આગળ, હારી રાજી થાશું;
જીતીને જો ફૂલ્યો ફરે તો(૨), નક્કી લૂંટાઈ જાશું...૦૯
રસબસભાવે મૂર્તિમાં રહેવું, દાસપણું તે કહાવે;
મૂર્તિમાં નિમગ્ન છતાં તે(૨), સૌનો સેવક રહાવે...૧૦

ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી દિવ્યવાણી

# તનની સેવાનું મહાત્મ્ય



દિવ્યવાણીનું શ્રવણ કરવા માટે ઉપર આપેલ મૂર્તિ પર ક્લિક કરવું.




પામીએ પ્રેરણા

# ચરણરજની સેવા મળે ક્યાંથી ?

સ્વામિનારાયણ ધામ ખાતે વ્હાલા પ.પૂ.સ્વામીશ્રી પ્રાતઃસભા બાદ પ્રાર્થના મંદિરથી સંત આશ્રમમાં પધાર્યા.

ત્યારે એક સાધકમુક્ત ચરણરજની સેવા કરતા હતા.

"લાવો…" એમ કહી સાધકમુક્તના હાથમાંથી સાવરણી લઈને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી ચરણરજની સેવા કરવા લાગ્યા.

"દયાળુ, લાવો આપે સેવા ના કરવાની હોય… એ સેવા તો અમે સેવકો કરી દઈશું… દયાળુ, આપો…" એમ સાધકમુક્તે પ્રાર્થના કરતાં ગુરુજીને કહ્યું.

" આ બધા મહારાજના મુક્તોની ચરણરજની સેવા અમને હોય ક્યાંથી !

માટે દયાળુ , સેવકને આ સેવા કરવા દો…"

## આવો નીચે મુજબના પ્રશ્નો દ્વારા મનન કરીએ…

1. આ પ્રસંગ પરથી શું શીખવા મળે છે ?

2. પ્રેક્ટિકલ જીવનમાં કઈ કઈ જગ્યાએ ચરણરજની સેવા કરશું ?

# મૂર્તિમાં રસબસ બનવાને, વાંચો બાપાશ્રીની વાતો

'આ વર્ષે ચાતુર્માસ દરમિયાન ગુરુજીએ નિયમની એકાદશીના દિવસે સંકલ્પ સભામાં **'બાપાશ્રીની વાતો'**ના બે ભાગ અથવા એક ભાગ પુસ્તકની એકાગ્રતાથી તેમજ મનન સાથે પારાયણ કરવાની આજ્ઞા કરી છે. જેથી તે મુજબ અમલ કરવો અને બુક આપની જોડે ન હોય તો બુકસ્ટોલમાંથી 'બાપાશ્રીની વાતો'પુસ્તક વસાવવું.

